# અમદાવાદમાં ધોધમાર વરસાદ : જળબંબાકાર

**હવામાન વિભાગે અમદાવાદમાં પણ વરસાદનું જોર વધવાની શક્યતાઓ : સમી સાંજે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ : એસ.જી હાઈવે, વેજલપુરમાં, પ્રહલાદનગર, સેટેલાઈટ, શિવરંજની, નહેરુનગર, શ્યામલ ચાર રસ્તામાં ધોધમાર વરસાદ : વરસાદના કારણે ઝીરો વિઝિબિલીટીથી વાહનચાલકો ત્રસ્ત થયા**






અમદાવાદ, તા.૨૨

હવામાન વિભાગે અમદાવાદમાં પણ વરસાદનું જોર વધવાની શક્યતાઓ વ્યક્ત કરી છે, ત્યારે અમદાવાદમાં સમી સાંજે વીજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. શહેરમાં સમી સાંજે ભારે પવન સાથે મેઘરાજા અમદાવાદમાં તોફાની બેટિંગ કરી હતી. અમદાવાદના એસ.જી હાઈવે, વેજલપુરમાં, પ્રહલાદનગર, સેટેલાઈટ, શિવરંજની, નહેરુનગર, શ્યામલ ચાર રસ્તામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો.

આ સાથે જ અમદાવાદમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ સાથે જ અમદાવાદમાં વરસાદના કારણે ઝીરો વિઝિબિલીટી થઈ ગઈ હતી. ધોધમાર વરસાદથી ઓફિસથી ઘરે જઈ રહેલા વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા, ત્યાં જ ધોધમાર વરસાદના કારણે કેટલાક સ્થળોએ પાણી પણ ભરાયા હતા.

અમદાવાદ શનિવારની સાંજ વધુ એક વખત ભારે બપોર બાદ અમદાવાદમાં ભારે વરસાદ પૂર્વ અને પશ્ચિમનાં અનેક વિસ્તારોમાં વરસાદ વરસાદને પગલે શહેરના તમામ અંડર પાસ બંધ કરાયા પ્રહલાદનગર, સેટેલાઈટ, બોપલ, ઈસનપુર, મણિનગર, ખોખરામાં ભારે વરસાદ વરસાદને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. નારોલ-વટવા-ઈસનપુર-ઘોડાસર-જશોદાનગર-રામોલ સીટીએમ-ખોખરા મહેમદાવાદ-હાટકેશ્વર-અમરાઈવાડી-વસ્ત્રાલ-ઓઢવ-નિકોલ-ઠક્કરબાપાનગર -નરોડા સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા. હવામાન વિભાગે સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારેથી અતિભારે અને કેટલાક ભાગોમાં અત્યંત ભારે વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.

રાજ્યના હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે અને તોફાની મૂડમાં વરસાદ તૂટી પડવાની શક્યતાઓ વ્યક્ત કરાઈ હતી ત્યારે જૂનાગઢ અને અમરેલીમાં મેઘરાજા અનરાધાર વરસ્યા છે. જૂનાગઢ અને અમરેલી બેટમાં ફેરવાઈ ગયા છે ત્યાં જ જૂનાગઢમાં તો માલસામાનને ખુબ જ નુક્સાન પહોંચ્યું છે. ત્યાં જ આજે સમી સાંજે અમદાવાદ શહેરમાં પણ મેઘરાજાએ બેટિંગ શરૂ કરી દીધી છે.

## નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી થતાં વૃદ્ધાનું મોત

છોટા ઉદેપુર, તા.૨૨

ગુજરાતમાં મેઘરાજાએ ધળબળાટી બોલાવી છે. અલગ અલગ વિસ્તારોમાં વરસાદી વરસી રહ્યો છે. તો વરસાદ તેની સાથે આફત લઈને આવ્યો છે. છોટા ઉદેપુરમાં વરસાદ બાદ આવી જ એક ઘટના સામે આવી છે. છોટા ઉદેપુરમાં ભારે વરસાદ બાદ પાવીજેતપુરના નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ છે. આ ઘટનામાં વૃદ્ધાનું મોત થયુ છે. ગઈ રાત્રે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જે પછી પાવીજેતપુરના નાના અમાદ્રા ગામે કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ હતી. વૃદ્ધાના મોતની ઘટનાની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહ પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

## સેલવાસના ડોકમડીમાં ધસમસતા પ્રવાહમાં પિતા-પુત્ર તણાયા

સેલવાસ, તા.૨૨

રાજ્યમાં હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ વરસ્યો હતો જેના પગલે અનેક વિસ્તારો જળબંબાકાર થયા છે.

આ સાથે જ ભારે વરસાદને પગલે અનેક જળાશયો પણ છલકાયા છે ત્યારે સંઘપ્રદેશ સેલવાસના ડોકમડીમાં ધસમસતા પાણીના પ્રવાહમાં પિતા અને પુત્ર તણાય ગયા હતા. કારની શોધખોળ હજી પણ ચાલી રહી છે. દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદ વરસી રહ્યો છે જેના પગલે નદી નાળા છલકાય ગયા છે ત્યારે સેલવાસના ડોમકડીમાં આવેલા લો-લેવલ બ્રિજ પર અચાનક પાણી વધી જતા કારમાં સવાર પિતા પુત્ર તણાયા હતા. આ ઘટનાની વધુ માહિતી મુજબ પિતા પોતાના સાત વર્ષના પુત્ર સાથે બજાર તરફ જઈ રહ્યા હતા ત્યારે લો-લેવલ બ્રિજ પર અચાનક પાણીનું સ્તર વધી ગયુ હતું જેમાં બંને તણાઈ ગયા હતા. આ ઘટના મધુબન ડેમમાંથી અચાનક પાણી છોડાતા બની હોવાનું સામે આવતા સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. આ ઘટનાની જાણ થતા જ એનડીઆરએફ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમોએ શોધખોળ હાથ ધરી હતી. જો કે હજુ સુધી બે માંથી કોઈનો પતો લાગ્યો નથી. રાજ્યમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થઈ ચૂક્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. જેમાં વલસાડના કપરાડામાં સૌથી વધુ ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે.સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદ પડી રહ્યો છે જેમાં દ્વારકાના ખંભાળિયામાં વરસાદે સટાસટી બોલાવી હતી. દ્વારકાના ખંભાળિયામાં ૯ ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારે જળાશયોમાં પણ નવા નીર આવતાં ખેડૂતોને સિંચાઈ માટેના પાણીની હવે કોઈ તંગી રહેશે નહીં. રાજ્યના કુલ ૨૦૭ ડેમમાં હાલ ૫૮.૪૦ ટકા પાણીનો જથ્થો છે. રાજ્યમાં ૯૦ ટકાથી વધુ ભરેલા ૭૨ ડેમ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યાં છે.

## બીમાર વૃદ્ધને ખાટલા પર બેસાડી વરસાદમાં ઘરે પહોંચાડવામાં આવ્યા

જૂનાગઢ, તા.૨૨

જૂનાગઢના ઘેડ પંથકમાં મેઘતાંડવ વચ્ચે ચોકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. જળબંબાકારની સ્થિતિમાં લોકોએ બીમાર વૃદ્ધને ખાટલા પર બેસાડી પાણીના ધસમસતા પ્રવાહમાં ઘરે પહોંચાડ્યા છે. ઘોડાદર ગામમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધની તબિયત લથડતા તેમને સારવાર માટે જૂનાગઢ લઈ જવાયા હતા, ત્યાર બાદ ભારે વરસાદને કારણે ઘેડ બેટમાં ફેરવાતા વૃદ્ધની સારવાર બાદ તે ઘરે પહોંચી શકયા નહોતા. ત્રણ દિવસ સુધી તેમણે શામરડા ગામે આશરો લીધો અને પાણી ઓસરવાની રાહ જોઈ હતી. તેમ છતાં પાણી નહીં ઓસરતા પરિવાર અને ગ્રામજનોએ જહેમત ઉઠાવી વૃદ્ધને ખાટલા પર બેસાડી પાણીના ધસમસતા પ્રવાહમાં ઘરે પહોંચાડ્યા હતા.

## વડોદરામાં દિવસે પણ પાણી નહી ઓસરતા લોકો પરેશાન

**ગોત્રી વિસ્તારમાં અનેક દુકાનો અને ઘરમાં પાણી ભરાઈ જવા પામ્યા છે :ઘૂંટણસમા પાણી ભરાઈ રહેતા હાલાકી**

વડોદરા, તા.૨૨

વડોદરા શહેરમાં રાત્રી દરમિયાન ધોધમાર વરસાદ વરસવાને લઈ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં અનેક વિસ્તારોમાં કેડ સમા ભરાઈ જવા પામ્યા હતા. દિવસભર પાણી ઓસર્યા નહોતા. ગોત્રી વિસ્તારમાં અનેક દુકાનો અને ઘરમાં પાણી ભરાઈ જવા પામ્યા છે. જેને લઈ સ્થાનિક લોકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.શહેરમાં ગોત્રી વિસ્તારમાં આવેલ મંગલમ પાર્ક, શિવાંજલી સોસાયટી, આશિર્વાદ સોસાયટી અને અવની ફ્લેટ સહિતના વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. દિવસે પણ પાણી જલદી નહીં ઓસરવાને લઈ લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. રસ્તાઓ પર પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેને લઈ સ્થાનિકો રોષે ભરાયેલી સ્થિતીમાં જોવા મળ્યા હતા. સ્થાનિકોએ વીએમસી સામે રોષ ઠાલવ્યો હતો કે યોગ્ય ડ્રેનેજ સિસ્ટમ નહીં હોવાને લઈ પાણી ભરાઈ જવાની સ્થિતી સર્જાઈ રહી છે.

## ચંદન તળાવ ઉભરાઈ જતા ૫ હજારથી વધુ લોકોને મુશ્કેલી

**તળાવ ઉભરાવાના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ છે**

નવસારી, તા.૨૨

નવસારી શહેરના વિજલપોર વિસ્તારમાં ચંદન તળાવ ઉભરાઈ જતા ૫,૦૦૦ થી વધુ લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ૨૦૦૦થી વધુ ઘરોમાં પાણી ભરાઈ જવાના બનાવને પગલે લોકોની ચિંતામાં વધારો થયો છે વરસાદ તો બંધ થયો છે, પરંતુ તળાવ ઉભરાવાના કારણે લોકોના ઘરોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ છે.

નવસારી જીલ્લામાં સતત વરસાદ પડી રહ્યો છે. વિજલપોરમાં ઠેર-ઠેર પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. નવસારી અને જલાલપોરમાં પડી રહેલો ધોધમાર વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. પાણી ભરાવાને કારણે વાહન ચાલકોને હાલાકી પડી હતી. વિજલપોર તમાર્કરવાડી રસ્તા પર પાણી ભરાતા પરિવારજનો લારી પર મૃતદેહ લઈ બહાર આવ્યા હતા. શબવાહીની પણ પાણીની અંદર ન જઈ શકતા મૃતદેહ લારી પર મૂકી બહાર લાવવામાં આવ્યા છે.

## નવસારીમાં ગટરમાં તણાતા વૃદ્ધ અને વિદ્યાર્થિનીનું રેસ્ક્યુ કરાયું

**નવસારીમાં વરસાદે પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી છે : રસ્તો પાર કરતા સમયે ઘટના બની છે**

નવસારી, તા.૨૨

નવસારીમાં પાણી ભરાતા ગટરમાં તણાઈ રહેલા વૃદ્ધ અને વિદ્યાર્થિનીને બચાવાયા છે. શહેરના લાયબ્રેરી વિસ્તારનો બનાવ છે. જ્યાં ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે. રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે ત્યારે આ રસ્તો પાર કરતા સમયે આ ઘટના બની છે. વૃદ્ધ અને વિદ્યાર્થિની તણાતા સ્થાનિકો દ્વારા બંનેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

મહત્વનુ છે કે નવસારીમાં વરસાદે પાલિકાની પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખોલી છે. પાણી ભરાવાની સમસ્યા ઠેરઠેર સર્જાઈ. ભારે વરસાદના કારણે ચાર પુલ વિસ્તારમાં આવેલી પોલીસ ચોકી અને દુકાનોમાં પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. એરુ ચાર રસ્તા વિસ્તારમાં પાણી ભરાતા નવસારી દાંડી માર્ગ બંધ કરવામાં આવ્યો. આ તરફ ખેરગામમાં ભારે વરસાદથી ઔરંગા નદી પરનો લો લેવલ બ્રિજ પાણીમાં ગરકાવ થયો હતો.

### ધોધમાર વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયુ હતુ ત્યારબાદ મેઘરાજા મુડમાં આવતા વરસાદે બઘડાટી બોલાવી હતી. સેકટરોમાં આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં ભારે વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જયારે ગાંધીનગરમાં પણ દિવસની ગરમીના અંતે સાંજે ધોધમાર વરસાદ તુટી પડતા રાત્રિના સમયે ઠંડક પ્રવર્તી હતી. જયારે ધોધમાર વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. માર્ગ પર જતા વાહનચાલકો પણ વરસાદના જોરથી અટવાયા હતા. રાત સુધીમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. જયારે રાત્રિના સમયે પણ વરસાદ વરસવાનુ ચાલુ રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૩ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૭ ડીગ્રી રહ્યુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૮૦ થી ૯૦ ટકા રહ્યુ હતુ

### કચરાનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે હજુ પણ વરસાદી દિવસોમાં માર્ગો પર અસ્તિત્વ ધરાવતા ખાડા ટેકરાની સ્થિતિના લીધે આમ નાગરિકોની માર્ગ સલામતી જોખમાઈ રહી છે આ સ્થિતિ વચ્ચે સેકટરોના કોમન પ્લોટમાં પણ વરસાદના અંતે જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. સેકટરોના કોમન પ્લોટમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવામાં આવી નથી અલબત્ત આ વિસ્તારમાં પાણીનો નિકાલ થતો નથી જેના લીધે ભારે વરસાદના અંતે પાણીના નિકાલ માટે ગટરના ઢાંકણો ખુલ્લા મુકી દેવાતા કોમન પ્લોટમાંથી પાણી સાથે કચરો પણ ગટર લાઈનમાં જાય છે.આ સ્થિતિના લીધે સેકટરોમાં વરસાદી દિવસો દરમિયાન ગટરો ઉભરાવાની સમસ્યા પણ વધી છે. જેને ડામવા માટે યોગ્ય આયોજન અનિવાર્ય છે. શહેરમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા છે ત્યાં પણ પાણીનો યોગ્ય નિકાલ થતો નથી જેના લીધે શહેરના મુખ્યમાર્ગો પર પણ ઘણાં ઠેકાણે નજીવા વરસાદના અંતે પણ લાંબા સમય સુધી પાણી ભરાયેલુ જોવા મળે છે. ત્યારે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલ માટે વર્ષો બાદ સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવી છે ત્યારે સેકટરોમાં સ્થિત કોમન પ્લોટ ભારે વરસાદના અંતે બેટમાં ફેરવાઈ જતા હોય તેવી સ્થિતિ સર્જાય છે અને ગટરો ઉભરાવાની સમસ્યા પણ પેચીદી બને છે. જેને ધ્યાનમાં રાખી આગામી તબક્કામાં પાણી નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે દિશામાં આયોજન કરવુ અનિવાર્ય થઈ પડયુ છે.

### ૫૪ બ્લોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે દરખાસ્તને મંજુરી મળ્યા બાદ આ જુના અને જર્જરિત મકાનોનો નિકાલ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરમાં દાયકાઓથી સ્થિત સરકારી વસાહતની એક આગવી ઓળખ હતી જયારે હાલમાં પણ સરકારે પ્લોટની ફાળવણી કર્યા બાદ સેકટરોમાં પોતાના ઘરમાં રહેતા રહીશો સરકારી વસાહત સાથે જોડાયેલી તેમની સ્મૃતિ તાજી કરી રહ્યા છે. આવા સંજોગોમાં સેકટરોમાં સ્થિત શોપિંગ સેન્ટરના વેપારીઓ પણ આવાસો તુટવાની સાથે ખાલીપા વચ્ચે વેપાર ધંધાની ચિંતા સેવી રહ્યા છે. જેના લીધે સરકારી આવાસોના નિર્માણ સંદર્ભે સેકટરોની પસંદગી કરવાના મુદ્દે પણ સંતુલન જળવાઈ રહે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. અલબત્ત જે સેકટરોમાં જુના આવાસો તોડવામાં આવ્યા છે તેવા સેકટરોમાં નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

### દહેગામમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદ હોવાની આગાહી કરી છે. ૨૩ થી ૨૬ જુલાઈ દરમ્યાન જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

જિલ્લામાં ચોમાસાની આ ઋતુ દરમ્યાન સરેરાશ ૩૨૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જે સિઝનના ૪૨.૨૫ ટકા જેટલો થવા જાય છે. જિલ્લામાં સિઝનનો સરેરાશ વરસાદ ૭૭૭ મી.મી. થતો હોય છે.

શનિવારે સવારે ૬ વાગ્યા સુધીમાં જિલ્લામાં દહેગામમાં ૩૮૬ મી.મી., ગાંધીનગરમાં ૨૯૮ મી.મી., કલોલમાં ૧૯૯ મી.મી., માણસામાં ૪૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે.

બે દિવસના વિરામ બાદ આજે શનિવારે સાંજે વરસાદનુ આગમન થયુ છે. દેહગામમાં ભારે વરસાદ થઈ રહ્યો છે અને ગાંધીનગર, કલોલ અને માણસામાં વરસાદની ગતિ ધીમી જરૂર છે. જિલ્લામાં સાંજે સાર્વત્રિક વરસાદનું આગમન થવા પામ્યુ છે.

### આવક વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હજુ પાણી છોડવામાં આવ્યુ નથી પણ નદીમાં આવક પાણી ભારે વરસાદને કારણે થઈ છે. નદી સંપૂર્ણ રિચાર્જ થઈ ગઈ છે અને તેનો સીધો ફાયદો ભૂગર્ભ જળના સ્તર સુધરી રહ્યા છે.

ગત વર્ષે ગાંધીનગર તાલુકામાં અને માણસામાં તાલુકામાં વરસાદની ઘટ રહી હતી પરંતુ આ વખતે વિક્રમી વરસાદ જિલ્લામાં અને રાજ્યમાં થઈ રહ્યો છે. ભૂગર્ભજળની સપાટી નીચે ઉતરી હતી પરંતુ પાણીની આવક આ વખતે સારી થતાં આ સપાટી ઉપર આવશે અને પાણીની કોઈ તંગી થશે નહિ. ભૂગર્ભ જળના સ્તર સારા એવા ઊંચા આવશે તેમ જાણકારોનું કહેવુ છે.

### મેઘ તાંડવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં સર્વત્ર વરસાદ જોવા મળી રહ્યો છે, ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૦ તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ વલસાડના કપરાડામાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે દ્વારકાના ખંભાળિયામાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. બીજી બાજુ, વિસાવદરમાં ૮ ઈંચ અને વલસાડના પારડીમાં ૭ ઈંચ વરસાદ પડ્યો છે.

બીજી બાજુ, વડોદરા શહેરમાં વહેલી સવારે ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. ધરમપુર, ડોલવણ, વલસાડમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે વડોદરાના પાદરામાં ૪ ઈંચ વરસાદ પડ્યો છે. ઉમરગામ, કલ્યાણપુર, વાપી, ચીખલીમાં ૩.૫ ઈંચ વરસાદ, જ્યારે ભાવનગરના મહુવામાં ૩, રાણાવાવમાં ૨.૫ ઈંચ વરસાદ પડ્યો છે. બીજી બાજુ, નવસારીમાં કેલિયા ડેમ ૯૦ ટકા ભરાયો છે. કેલિયા ડેમ જિલ્લા માટે જીવાદોરી સમાન છે. સિંચાઈ વિભાગે ડેમ માટે હાઈએલર્ટ જાહેર કર્યું છે. નીચાણવાળા ૨૩થી વધુ ગામોને એલર્ટ કરાયા છે.

## રાજ્યના અનેક સ્થળે આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૨૨

હવામાન વિભાગની આગાહી પ્રમાણે દક્ષિણ-મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છેલ્લા કેટલાય દિવસોથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે અને શનિવારે પણ યથાવત રહ્યો. રવિવારથી ૩ દિવસ રાજ્યના વિવિધ ભાગોમાં ક્યાંક ભારેથી અતિભારે તો ક્યાંક ભારે વરસાદ પડવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

આગાહી પ્રમાણે અમદાવાદમાં પણ બે દિવસ ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે.

**૨૩ જુલાઈ** : સુરત, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, જામનગર, દ્વારકા, કચ્છ, આણંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, અમરેલી અને ભાવનગરમાં વીજળીના કડાકા ભડાકા સાથે ભારેથી અતિભારે વરસાદ જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, છોટા ઉદેપુર, સુરેન્દ્રનગર, મોરબી અને બોટાદમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. આ દરમિયાન ૩૦-૪૦ કિમી પ્રતિકલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે. અમદાવાદમાં પણ વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદ પડવાની સંભાવના છે.

**૨૪ જુલાઈ** : પોરબંદર, દ્વારકા, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, જુનાગઢ, કચ્છમાં ભારેથી અતિભારે વરસાદ જ્યારે આણંદ, વડોદરા, સુરત, નવસારી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદ પડશે.

**૨૫ જુલાઈ** : પોરબંદર, દ્વારકામાં ભારેથી અતિભારે વરસાદ જ્યારે આણંદ, ભરૂચ, સુરત, જામનગર અને કચ્છમાં ભારે વરસાદ પડી શકે છે.